## હરિ નજર - ખરી નજર




પપ્પા, ગરબા ક્લાસમાંથી વહેલા બોલાવવા ન આવશો. અમે અત્યારથી જ ગરબા રમી લેવાનું નક્કી કર્યું છે. ક્યાંક મુંબઈની જેમ અહીં પણ દસ વાગ્યા સુધી જ ગરબા કરવા દેવાનો કાયદો થાય તો...!

## કડી પી.ટી.સી. કૉલેજમાં વિશ્વ ટપાલ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૧

એસ.વી. પી.ટી.સી. કૉલેજ, એસ.વી. કેમ્પસ, કડીમાં વર્લ્ડ પોસ્ટ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં પ્રશિક્ષણાર્થી ભાઈઓ બહેનોએ ભાગ લીધો. તા. ૯ થી ૧૫ ઑક્ટોબર દરમિયાન નેસનલ પોસ્ટલ વીકની ઉજવણી કરવી તેમાં પોસ્ટનું મહત્ત્વ, પોસ્ટની મુલાકાત, ટપાલ ટીકીટ સંગ્રહ પ્રદર્શની વગેરેની માહિતી મેળવી હતી. આચાર્યશ્રી ડૉ. બાબુલાલ. આર. પટેલે ટપાલ, ટપાલીઓની વ્યવસ્થાની ઘટનાસભર માહિતી આપી હતી.

## સંકલ્પ મનોવૈજ્ઞાનિક વિકાસ મંડળ દ્વારા માનસિક સ્વાસ્થ્ય જાળવણી સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૧

વિશ્વ માનસિક સ્વાસ્થ્ય સપ્તાહ અંતર્ગત કનોરિયા હૉસ્પિટલ ખાતે સંકલ્પ મનોવૈજ્ઞાનિક વિકાસ મંડળ દ્વારા માનસિક સ્વાસ્થ્ય જાળવણી અંગેનો સેમિનાર તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. મનોવિજ્ઞાન તેમજ અન્ય શાખાના વિદ્યાર્થીને માનસિક સ્વાસ્થ્ય અંગેનો ખ્યાલ અને જાગૃતિ સ્પષ્ટ થાય તે માટે સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

મેન્ટલ હેલ્થ વીક સેલીબ્રેશન અંતર્ગત સંકલ્પ મનો વૈજ્ઞાનિક વિકાસ મંડળે ગત રોજ સવારે ૯ થી બપોરે ૨ વાગ્યા દરમિયાન હતાશા, તણાવ, ચિંતા અને ગાંડપણ અંગેની માહિતી તથા માર્ગદર્શન આપતો કાર્યક્રમ રજૂ કર્યો હતો.

જાણીતા સાયકયાટ્રીસ્ટ ડૉ. રાજેન્દ્ર આનંદે આ પ્રસંગે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રોજેકટરની મદદથી સુંદર દશ્ય શ્રાવ્ય માહિતી આપી હતી. તેમની સાથે કલીનીકલ સાયકોલોજીસ્ટ ઈન્દ્રજીતકુમાર કનોજીયાએ પણ વિદ્યાર્થીઓને માનસિક તણાવ વિષય પર સુંદર માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને જિજ્ઞાસાપૂર્વક ભાગ લઈ નવી નવી બાબતો અને વૈજ્ઞાનિકો પદ્ધતિની માહિતી મેળવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા દિલીપ બિહોલા, કપિલ ખુડાનીયા, નરેશ દ્વિવેદી, કિરન પટેલ, આબિદ હુસેન, ભરત પરમાર, રાજેશ પટેલ, પંકજ ઠાકર, પ્રવીણ શર્માએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કનોરિયા સેન્ટર ફોર મેડીકલ એજયુકેશનના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સંગત - ૨૦૧૨ : સાથે-સાથે



(કુંતલ નિમાવત દ્વારા)

- સંગત-૨૦૧૨ના આરંભે નગરના માર્ગો પર નીકળવા તૈયાર રેલી અડધો કિમી કરતાંય લાંબી હતી. તેમ છતાં રેલીને પ્રારંભ કરાવવા માટે ચેરમેને તેની આગળ જ જવાનો આગ્રહ રાખ્યો હતો અને ચાલીને આગળ પહોંચ્યા હતા. આ કારણે અન્ય હોદ્દેદારોને પણ એમની સાથે ચાલીને રેલીના આરંભસ્થાને પહોંચવું પડ્યું હતું.
- યુથ ફેસ્ટીવલ માટે થીમ આપવામાં આવ્યું હતું : યુથોવેશન (યુથ અને ઈનોવેશન), જે અંતર્ગત મોટાભાગે યુથોવિઝન (યુથનાં વિઝન)નાં દર્શન થયાં હતાં.
- રેલીમાં ગાંધીજી, અન્ના હજારે, ભગતસિંહ ઉપરાંત કિરણ બેદી અને સુનિતા વિલિયમ્સ જેવાં અસંખ્ય પાત્રો વિદ્યાર્થીઓએ ઉજાગર કર્યાં હતાં. વિવેકાનંદના પાત્રમાં ચાર વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા.
- રેલી માટે તૈયાર કરવામાં આવેલા ટેબ્લોમાં વિદ્યાર્થીઓએ થર્મોકૉલનો સૌથી વધુ ઉપયોગ કર્યો હતો.
- રેલીમાં નીકળેલા વિદ્યાર્થીઓએ પ્રવર્તમાન સામાજિક સમસ્યાઓ દૂર કરવાની વાત સૌથી વધુ કરી હતી. વ્યસનમુક્તિ, દારૂબંધી જેવા સંદેશ તેમણે સૌથી વધુ આપ્યા હતા.
- રેલીના સમગ્ર માર્ગ ઉપર સૂત્રોચ્ચારની સાથે જ્યાં રેલી થોડો વિરામ લે તે સ્થાને બે-ત્રણ ટીમોએ નૃત્ય અને શેરી નાટકના ફોર્મેશનનો પણ સહારો લીધો હતો.
- ઘ-૫ થઈને ઘ-૬ નજીક થઈને રેલી સૅક્ટરના રસ્તા પર વળી એ પછી તરત જ પાછળ પરિવર્તન પાર્ટીની રેલી નીકળી હતી. આમ, બંને રેલી વચ્ચે માત્ર ગણતરીની પળો જ રહી હતી. સ્હેજ સમય આઘોપાછો થઈ જાત તો બંને રેલી ઘ રોડ ઉપર ભેગી થઈ જવાના સંજોગો ઊભા થઈ ગયા હોત.
- આ યુથ ફેસ્ટીવલના હોસ્ટ તરીકે મેનેજમેન્ટ કૉલેજ ફરજ બજાવી રહી હતી તેથી રેલીમાં, ઉદ્‌ઘાટન સમારોહમાં અને સ્પર્ધાઓનાં સ્થળે પણ મેનેજમેન્ટ ઊડીને આંખે વળગતું હતું.
- યુથ ફેસ્ટીવલના ઉદ્‌ઘાટન માટે દિવસ-રાત માણસોને કામે લગાડીને નાથીબા કૉલેજ હૉલ તૈયાર કરી દેવામાં આવ્યો હતો ને એની સજાવટ જોઈને સૌ પ્રભાવિત પણ થયા હતા.
- હૉલની ક્ષમતા કરતાં વધારે પ્રેક્ષકો ઉદ્‌ઘાટન સમારોહ વખતે હૉલમાં બેઠા હતા.
- ઉદ્‌ઘાટન કાર્યક્રમ માટે સ્ટેજની સજાવટ સુંદર કરવામાં આવી હતી. ડીનના જણાવ્યાનુસાર આ સજાવટ વિદ્યાર્થીઓ દ્વારા જાતે તૈયાર કરવામાં આવી હતી. એ સૌ વિદ્યાર્થીઓ અભિનંદનના અધિકારી છે.
- ઉદ્‌ઘાટન સમારોહમાં બંને ઉદ્‌ઘોષકોએ લાંબી પ્રસ્તાવના કરીને ઉદ્‌ઘાટન વિધિને શરૂઆતમાં જ નીરસ બનાવી દીધી હતી. મેનેજમેન્ટ ફેકલ્ટીઝ તરીકે કાર્ય કરતી બે મહિલાઓએ ઉદ્‌ઘોષણાની જવાબદારી સંભાળી હતી. આ કાર્ય વિદ્યાર્થીઓને જ સોંપાયું હોત તો એ વધુ દીપી ઊઠત એવો સૂર પણ સાંભળવા મળ્યો હતો.
- ઉદ્‌ઘાટન સમારોહમાં ઉદ્‌ઘોષણા અંગ્રેજીની સાથે ગુજરાતીમાં પણ થાય એવો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પણ ગુજરાતીય એવા ઉદ્‌ઘોષકના મોઢે બોલાવવામાં આવ્યું હતું, જે મૂળ ગુજરાતીભાષી ન હતાં. આ કારણે તેમણે હિન્દી ઉચ્ચારણોમાં ગુજરાતીમાં ઉદ્‌ઘોષણા કરી હતી. એ જ રીતે વધુ પડતા ઉત્સાહને કારણે બંને ઉદ્‌ઘોષકોએ ઘણા બધા શબ્દો બોલવામાંય ગફલતો કરી હતી.
- ઉદ્‌ઘાટન સમારોહમાં સૌથી વધુ ગરબડ કરી માઈક્રોફોન્સે. જોઈતી જગ્યાએ અવાજ આવતો ન હતો અને ન જોઈતી જગ્યાએ માઈક્રોફોન્સમાંથી વ્હીસલીંગનો અવાજ આવતો હતો. ઉદ્‌ઘોષક તો ઠીક પણ ડિરેક્ટર કે ચેરમેન પોતાનું ઉદ્‌બોધન આપતા હોય ત્યારે પણ માઈક વ્હીસલીંગ કરતું હોય ને એમના ચાલુ ઉદ્‌બોધને એ બોલતા હોય ત્યાં જ નીચેના ભાગમાં માઈક્રોફોનની ફ્રિક્વન્સી માણસ સેટ કરી રહ્યા હોય એવો આ વિરલ ઉદ્‌ઘાટન કાર્યક્રમ હતો.
- અપેક્ષા મુજબ જ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જય વસાવડાએ પોતાની લાક્ષણિક અદામાં પ્રવચન આપીને સૌને પ્રભાવિત કરી દીધા હતા. પોતાના ૪૫ મિનીટ લાંબા પ્રવચનમાં જય વસાવડાએ એકવાર પોતાના ચહેરા પર રેલાતો પરસેવો લૂછવાનીય પરવા નહોતી કરી એટલા તેઓ પ્રવચનમાં લીન થઈ ગયા હતા.
- જય વસાવડાનું પ્રવચન પૂર્ણતાના આરે હતું ત્યારે જ સ્ટેજની બંને તરફ લાગેલી લાઈટ્સ ચાલુ-બંધ થવા લાગી, પછી લાલ થઈ ગઈ અને પછી બંધ પણ થઈ ગઈ. આ કારણે એમણે એવી કોમેન્ટ પણ કરી હતી કે મને ખબર છે કે મારે હવે બેસી જવાનો સમય થઈ ગયો છે. જેનો ખુલાસો પછીથી ચેરમેન દ્વારા આપવામાં આવ્યો હતો કે લાઈટ્સ ચાલુ-બંધ થવા પાછળ વક્તાને બેસાડવાનો સંસ્થાનો કોઈ ઈરાદો ન હતો.

### જૈન સમાજ માટે કોંગ્રેસનું વચન

## વિહાર કરતાં સાધુ-સાધ્વી માટે એક અલગ પગદંડી બનાવાશે

અમદાવાદ, તા. ૧૧

ગુજરાતમાં એસસી, એસટી, ઓબીસી અને લઘુમતિ સમાજનો મોટો વર્ગ એટલે કે ૭૫ ટકા વર્ગ છે છતાં ભાજપની સરકારે આ સમાજના વિકાસ માટે કંઈક જ કર્યું નથી. જૈન સમાજ પણ લઘુમતિમાં ગણાય છે. જૈનાચાર્યો, સાધુ-સાધ્વીજીઓ હાઈવે પર વિહાર કરીને જતા હોય ત્યારે અકસ્માતના બનાવો બનતા હોય છે.તેથી તેમના માટે અલગ પગદંડી અને વિશ્રામના સ્થાનો બનાવીશું તેમ કોંગ્રેસના કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ આજે જણાવ્યું હતું.તેમણે કહ્યું હતું કે, મુખ્યમંત્રી જે ભાષણ કરી રહ્યા છે એમાં ગુજરાતની ચૂંટણી છે કે કેન્દ્રની કંઈ ખબર જ પડતી નથી, તેમના દરેક ભાષણમાં વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ અને સોનિયાબેન તો આવે જ. હવે ઓબામા અને રોમનીની વાતો પણ આવશે. ટપોરીની ભાષા તેમને શોભતી નથી. ગુજરાતની વાત કરો ને ? એનડીએની સરકાર જો કેન્દ્રમાં હોત તો તમાચાની વાતો કરેત ખરા ? કોંગ્રેસ સરકાર જો સત્તામાં આવશે તો ઓબીસી વર્ગને જેટલા લાભો મળે છે એટલા જ લાભો આર્થિક પછાત વર્ગને પણ આપીશું. ઠાકોર-કોળી સમાજનું અલગ બોર્ડ બનાવીશું. નાના નાના કારીગરો માટે વિશ્વકર્મા વિકાસ બોર્ડ બનાવીશું.પ્રદેશ પ્રમુખ મોઢવાડિયાએ કહ્યું હતું કે, ભાજપની વિવેકાનંદ યાત્રામાં વિવેકાનંદના વિચારોને ત્યજી દેવાયા છે. મુખ્યમંત્રીના મુખમાંથી જે શબ્દો નીકળે છે તે તેમને શોભતા નથી, મુખ્યમંત્રીની જીભ પર ગુજરાત નથી, પ્રજા નથી, માત્ર સોનિયા ગાંધી અને મનમોહનસિંહ જ છે. આ ગુજરાતની ચૂંટણી છે, ૧૧ વર્ષમાં શું કર્યું એની વાત કરો ને!

### નવમા રાઉન્ડ માટેની શક્યતા

## એમબીએ-એમસીએમાં સાત હજાર જેટલી સીટ હજુ ખાલી

### નોન જીસેટવાળા માટે રજિસ્ટ્રેશનની સમય મર્યાદા પૂરી થઈ ગઈ છતાં પણ હજુ સંચાલકો ફાઈલ મોકલી રહ્યા છે

અમદાવાદ, તા. ૧૧

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ) સંલગ્ન એમબીએ અને એમસીએ કોલેજોમાં પ્રવેશ માટે આઠ રાઉન્ડ થયા પછી પણ હજી સાત હજાર જેટલી બેઠકો ખાલી રહેતા સંચાલકોમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે. જીટીયુના સૂત્રો કહે છે કે વધુ બેઠકો ખાલી હોવાથી હજી નવમો રાઉન્ડ યોજાય તેવી શક્યતા છે.પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સંલગ્ન એમબીએ અને એમસીએ કોલેજોમાં પ્રવેશ માટેના બે મોકરાઉન્ડ, ૩ એક્ચ્યુલ રાઉન્ડ એક એમક્યુ રાઉન્ડ મળી કુલ આઠ રાઉન્ડ થઈ ગયા. તેમ છતાં હજી સાત હજાર જેટલી બેઠકો ખાલી છે.

હાલ નોન જીસેટની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે. તા. ૮મી ઓક્ટો. છેલ્લી તારીખ હતી. જેમાં અંદાજે નોન જીસેટવાળા ૬૦૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. બીજી બાજુ આ તારીખ પછી પણ નોન જીસેટવાળા વિદ્યાર્થીઓની ફાઈલ લઈ સંચાલકો રજિસ્ટ્રેશન કરાવવા જીટીયુમાં આંટાફેરા કરી રહ્યા છે. પરંતુ જીટીયુ સત્તાવાળાઓ મચક નહીં આપતા સંચાલકો નારાજગી ફેલાઈ ગઈ છે. સમય મર્યાદા પછી અંદાજે ૧૦૦ વિદ્યાર્થીઓની ફાઈલ રજિસ્ટ્રેશન માટે આવી છે.

જીટીયુના સૂત્રો કહે છે કે નોન જીસેટનું રજિસ્ટ્રેશન માટે ૮મી ઓક્ટો.ની સમય મર્યાદા રાખવામાં આવી છે. જેથી હવે રજિસ્ટ્રેશન થઈ શકે નહીં. આ પ્રક્રિયા ૩૦મી ઓક્ટો. સુધીમાં પૂર્ણ કરી દેવાની છે. જેથી કોલેજો હજી ફાઈલો લાવવાનું ચાલુ રાખે તો આ પ્રક્રિયા સમય મર્યાદામાં પૂરી થવી અશક્ય છે.

બીજી બાજુ સંચાલક મંડળના સૂત્રો કહે છે કે બેઠકો વધુ ખાલી હોવાથી નવમા રાઉન્ડ માટે શિક્ષણ વિભાગ સમક્ષ અમે રજૂઆત કરી છે. અમારી રજૂઆતને માન્ય રાખશે તો જીસેટ અને નોનજીસેટ માટે વધુ એક રાઉન્ડ થવાની શક્યતા છે.

## ડીએલએફ જમીન બાબતમાં ગેરરીતિ થઈ નથી : સરકાર

### ડીએલએફની ગાંધીનગર જમીન અંગે ગુજરાત સરકારને બદનામ કરવા માટે પેંતરાને પડકાર ફેંકતા પ્રવક્તા મંત્રી

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસ અને ઉદ્યોગ રાજ્યમંત્રી સૌરભભાઈ પટેલે ડીએલએફની ગાંધીનગરની જમીન અંગે ગુજરાતના મુખ્યમંત્રીને બદનામ કરવા માટે ભ્રામક વિવાદમાં ઢસડવાના પેંતરાને પડકારતા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રા અને ડીએલએફ વચ્ચે થયેલી સોદાબાજી અંગેના આક્ષેપો સાથે ડીએલએફની ગાંધીનગર જમીનને કોઈ નિસ્બત જ નથી. રાજ્ય સરકારે તો છેક ૨૦૦૯માં ડીએલએફ એ શરત ભંગ કર્યો હોવાથી આ જમીન પરત મેળવી લેવાની કાર્યવાહી હાથ ધરેલી છે. એટલું જ નહીં, ૨૦૦૯માં મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના મુખ્યસચિવના અધ્યક્ષસ્થાને એક કમિટી બનાવી હતી અને આ કમિટીએ ડીએલએફના વધારાના લાભો માટેની માંગણી સ્વીકારવાનો સાફ ઈનકાર કર્યો હતો અને જમીનનો શરત ભંગ થયો હોવાથી ડીએલએફ પાસેથી આ મૂળ સ્થિતિમાં પરત લેવાનો આદેશ કલેક્ટર ગાંધીનગરને સને ૨૦૦૯માં જ આપેલો હતો. તદનુસાર કલેક્ટર ગાંધીનગરને ૨૦૦૯થી આ જમીન પરત મેળવવાની કાર્યવાહી હાથ ધરેલી જ છે.

ડીએલએફને જમીન સહિત કોંગ્રેસના આવા આક્ષેપોની તપાસ કરી રહેલા સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ જસ્ટીસ એમ. બી. શાહના તપાસપંચે પણ આ જમીન મુદ્દે રાજ્ય સરકારે કરેલી કાર્યવાહીમાં કોઈ ગેરરીતિ થઈ હોવાના આક્ષેપને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. આમ, ડીએલએફની ગાંધીનગરની જમીનની બાબતને રોબર્ટ વાડ્રાના ડીએલએફના પ્રકરણ સાથે સાંકળીને વિવાદમાં ઢસડવાનો આ રાજકીય બદઈરાદો વખોડવાલાયક છે.

પ્રવક્તા મંત્રીઓએ ડીએલએફ એ ખરીદેલી ગાંધીનગરની જમીન અંગે ગુજરાત સરકારની નિયત અંગે અપપ્રચાર કરીને બદનામ કરવાની કેટલાક વિકૃત માનસિકતા ધરાવતા તત્ત્વોની બદદાનતને વખોડી કાઢતા જણાવ્યું છે કે આ જુઠ્ઠાણાથી ગુજરાતની જનતાને ગુમરાહ કરી શકાશે નહીં.

### અમિતાભના પૌત્રીની પ્રથમ તસવીર પણ જાહેર

## જન્મદિવસની પાર્ટીમાં પૌત્રી પ્રથમ વાર સ્ટેજ પર દેખાઈ

### ગોરેગાંવ ફિલ્મ સીટીમાં ઉદ્યોગપતિ અનિલ અંબાણીની રીલાયન્સ મીડીયા વર્ક્સના સંકુલમાં પાર્ટીનું આયોજન

મુંબઈ, તા. ૧૧

બોલીવુડના મહાનાયક બિગ બી ના ૭૦મા જન્મદિન નિમિત્તે આજે એક ભવ્ય પાર્ટીનું આયોજન કરાયું હતું. જેમાં તમામ ક્ષેત્રોની મશહૂર હસ્તીઓએ ભાગ લઈને બિગબીને જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી. જો કે દેશભરના લોકો સહિત મીડિયા જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહી હતી તે અભિષેક-ઐશ્વર્યાની પુત્રી બેબી આરાધ્યા પ્રથમ વખત જ સ્ટેજ પર નજર આવી હતી. આ સાથે જ તેની પ્રથમ તસવીર પણ જાહેર થઈ ગઈ છે.

જન્મદિન બિગ-બીનો હતો પરંતુ પાર્ટીમાં સામેલ ૮૦૦ મહેમાનોમાં લીટલ સ્ટાર બેબી આરાધ્યા સૌનું આકર્ષણનું કેન્દ્ર બની હતી. દાદા બિગ બીની પાર્ટીમાં સૌથી વધારે રોનક આરાધ્યાની જ હતી. ઐશ્વર્યા અને અભિષેકની પુત્રી આરાધ્યના જીવનનો આ પહેલો મોકો છે. તે પ્રથમ વખત જાહેરમાં બધા સામે આવી છે. પાર્ટીમાં હાજર તમામ મહેમાનો તેની એક ઝલક જોવા આતુર હતા. બર્થ ડે કેક કાપવાના વખતે પરિવારના તમામ સભ્યો સાથે ટ્રીમ કલરના ડ્રેસમાં પરી જેવી દેખાઈ રહેલ ૧૫ માસની અરાધ્યા પણ હાજર હતી. મુંબઈના ગોરેગાંવ સ્થિત ફિલ્મ સીટીમાં ઉદ્યોગપતિ અનિલ અંબાણીની રીલાયન્સ મીડીયા વર્ક્સના સંકુલમાં પાર્ટીનું આયોજન બિગ-બીની પત્ની જયા બચ્ચને કર્યું હતું. આ પ્રસંગે અમિતાભ ઢીંચણ સુધીના કાળા વેલવેટ કુર્તામાં નજર આવ્યા હતા. પુત્ર અભિષેક, પત્ની ઐશ્વર્યા, જયા બચ્ચન, બેબી અરાધ્યા, અમિતાભની પુત્રી શ્વેતા નંદા અને તેના પતિ તેમજ તેના બાળકો પણ હાજર હતા. પાર્ટીમાં બોલીવુડની જાણીતી હસ્તીઓ, રાજકીય નેતાઓ અને સરકારી અધિકારીઓ પણ હાજર હતા.


શાહરૂખ ખાન, રજનીકાંત, ચિરંજીવી, શ્રીદેવી, માધુરી દિક્ષીત ઉપરાંત પ્રફુલ્લ પટેલ, મુલાયમસિંહ યાદવ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ પણ પાર્ટીમાં હાજર રહ્યા હતા.

## કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચોથા યુથ ફેસ્ટીવલ 'સંગત-૨૦૧૨'નો રંગારંગ આરંભ

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગરની સર્વ પ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલયનો ચોથો યુવક મહોત્સવ ધૂમધામ સાથે આરંભ પામ્યો હતો.

સવારે ૮-૪૭ કલાકે ઍલડીઆરપી કૅમ્પસથી આ યુવક મહોત્સવ પહેલાં આયોજિત યુવા રેલીનો પ્રારંભ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમેન વલ્લભભાઈ પટેલ અને વિશ્વવિદ્યાલયના હોદ્દેદારોએ ફુગ્ગા ઊડાડીને કર્યો હતો. એ સાથે જ 'સંગત-૨૦૧૨' નામક આ ચોથા યુવક મહોત્સવની સ્પર્ધાઓનો પ્રારંભ થઈ ગયો હતો. રેલીમાં ભાગ લેનારી કૉલેજીસ વચ્ચે પણ સ્પર્ધા યોજવામાં આવી હતી, એ કારણે સ્પર્ધકો ખાસ્સા ઉત્સાહમાં જણાતા હતા.




આ વખતના યુવક મહોત્સવનું થીમ આપવામાં આવ્યું છે : યુથોવેશન (યુથ અને ઈનોવેશન). એ થીમ મુજબ વિદ્યાર્થીઓ રેલી માટે પણ સજ્જ થઈને આવ્યા હતા.

કૉલેજદીઠ ૩૦ વિદ્યાર્થીઓને રેલીમાં ભાગ લેવાની છૂટ આપવામાં આવી હતી, પરંતુ તેમ છતાં ૨૯ જેટલી કૉલેજીસે રેલીમાં ભાગ લીધો હોવાથી રેલીની લંબાઈ અડધા કિમી કરતાં વધારે થઈ હતી.

વિદ્યાર્થીઓએ ઊંટલારી અને ટ્રૅક્ટર્સમાં પોતાના વિચારો મુજબ ટૅબ્લોનું સર્જન કર્યું હતું અને એને અનુરૂપ પ્લે-કાર્ડ્સ પણ રજૂ કર્યાં હતાં. સાથે સાથે નૃત્ય, સૂત્રોચ્ચાર, ઢોલ અને ગીતોનો સાથ પણ ખરો જ. દરેક કૉલેજના વિદ્યાર્થીઓએ પોતાના ટૅબ્લોને અનુરૂપ કે પોતાની અભિવ્યક્તિને અનુરૂપ પોષાકો પણ ધારણ કર્યાં હતાં. કોઈ જૂથ સૂટેડ-બૂટેડ દેખાતું હતું તો કોઈ જૂથ પરંપરાગત ગુજરાતી પોષાકમાંય દેખાતું હતું, તો વળી કોઈએ જિન્સ અને ઝભ્ભો ભેગા કરીને પોષાકમાં ઈનોવેશન પણ અપનાવ્યું હતું.

ઍલડીઆરપી કૅમ્પસ, સૅક્ટર-૧૫થી આરંભ પામીને ઘ-૫, ઘ-૬ નજીકથી પસાર થઈ કડી કૅમ્પસ ફરી રેલી નાથીબા કૉલેજ હૉલ ખાતે પહોંચી હતી. જ્યાં રેલી સભાના સ્વરૂપમાં ફેરવાઈ હતી અને હૉલમાં ઉદ્‌ઘાટન સમારોહનો આરંભ કરવામાં આવ્યો હતો.

સુરીલી પ્રાર્થના પછી યુથ ફેસ્ટીવલની યજમાન કૉલેજના મોવડી - ડીન, ફૅકલ્ટી ઑફ મૅનેજમૅન્ટ ડૉ. ભાવિન પંડ્યાએ સ્વાગત પ્રવચન કરતાં યુથ ફેસ્ટીવલના થીમ વિશે સમજ આપી હતી. આગામી વર્ષ દરમ્યાન પોતાના અલગ અલગ ફિલ્ડમાં ઈનોવેશન્સ કરવાની સલાહ વિદ્યાર્થીઓને તેમણે આપી હતી.

એ પછી તુલસીનો છોડ અને સ્મૃતિ ચિન્હ અર્પણ કરીને ઉપસ્થિત અતિથિઓ તથાત વિવિધ વિભાગોના વડાઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

યુનિવર્સિટી ડિરેક્ટર ડી ટી કાપડિયાએ પોતાના ટૂંકા ઉદ્‌બોધનમાં ચેરમેન દ્વારા રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે ૧ કરોડ રૂપિયા તથા મૅરીટ સ્કૉલરશીપ માટે ૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હોવાની જાહેરાત કરીને ચેરમેન પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે પોતાની શક્તિઓનો મહત્તમ ઉપયોગ યુવક મહોત્સવ જેવાં માધ્યમોથી કરવાની શીખ વિદ્યાર્થીઓને આપી હતી.

એ પછી જય વસાવડાએ કૉલેજના થીમને સાર્થક કરતું વ્યાખ્યાન આપીને શ્રોતાઓને વાહ પોકારાવી દીધી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલે સંસ્થાની શરૂઆત કેવા સંજોગોમાં કરવામાં આવી હતી એ બાબતનો



વિસ્તૃત ઉલ્લેખ કરીને સ્થાપક છગનભા, સંવર્ધક દાસકાકા તથા પૂર્વ ચેરમેન અને સંસ્થાને રોકેટ ગતિથી આગળ લઈ જનારા દૃષ્ટા માણેકલાલ પટેલને સંભાર્યા હતા. વિદ્યાર્થીઓને પોતાનાં ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરવાની સાથે સંસ્થાની ને સમાજની પ્રગતિમાં પોતાનું યોગદાન આપવાની શીખ તેમણે આપી હતી.

ઉદ્‌ઘાટન સમારોહ પછી ભોજન બાદ તરત જ સંગીત, ડિબેટ, થિયેટર ઈવેન્ટ્સ શરૂ થઈ ગઈ હતી. સૅક્ટર-૨૩ અને સૅક્ટર-૧૫ એમ બંને કૅમ્પસમાં દિવસભર યુથ ફેસ્ટીવલ અંતર્ગતની વિવિધ સ્પર્ધાઓ ચાલતી રહી હતી.